જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૯/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૭૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭ | ૫,૮૪,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતીની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## મિલકત સબંધી તથા શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ખાચર નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા આસીફ ઉર્ફે ગાંડી ફરીદખાન પઠાણ ઉ.વ.૨૮ રહે- મ.નં.૨૮, સુફીનગર ગેટ નં.૨, લતીફભાઇની કીટલીની બાજુમાં ઇસનપુર, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) પાલડી પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૬૨૧૦૧૬૭/ ૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯(એ)૩, ૧૧૪ મુજબ તથા નં.(૩) ઇસનપુર પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૨૨૧૨૪૮૩/૨૦૨૧ ઇપીકો કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૪૫૨, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૨), ૧૪૯, ૫૦૬(૨), ૧૪૯, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ નં.(૩) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૫૪૯/૨૦૨૧ ઈપીકો કલમ ૩૦૨, ૩૬૪, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૮૪૭/૨૦૨૨ તા.૧૮/૦૯/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૮/૦૯/૨૦૨૨ ના કલાક ૧૮/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૪/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૫/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૬/૨૦૨૨</u>**

**નારણપુરાઃ** કલ્પેશભાઈ અરુણકુમાર વખારીયા (ઉ.વ.૫૨)(રહે. શૈલ રેસીડેન્સી નારણપુરા રેલ્વે ક્રોસીગ પાસે, નારણપુરા) એ તા.૧૮/૦૯/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે કલ્પેશભાઈ વખારીયા ઓઈલનો ધંધો કરતા હોઈ તા.૨૨/૦૭/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૨૯/૦૭/૨૦૨૨ બપોરના ૩/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૭૯૭૮૬૩૫૬૪, ૮૩૨૭૪૦૨૮૦૩ અને ૯૭૭૫૮૧૨૧૪૭ ના ધારકોએ ભેગામળી કલ્પેશભાઇને ફ્રોન કરી પોતાની ઓળખ આર્મીમેન તરીકે આપી, આર્મી કેંટોન્ટમેન્ટમાં ઓઇલના જથ્થાની જરૂર હોઇ, ઓઇલનો જથ્થો મંગાવવાના બહાને ઓઈલના રૂપિયા ચુકવવાના બહાને કલ્પેશભાઇના બેંકના ખાતાની માહીતી મેળવી લઈ કલ્પેશભાઈ વખારીયા પાસેથી ડીપોઝીટ પરત આપવાની શરતે ડીપોઝીટ પેટે કલ્પેશભાઈના ખાતામાંથી કુલ રૂપિયા ૩,૨૮,૪૨૨/- તેઓના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭૭/૨૦૨૨</u>**

**સાબરમતીઃ** ક્રિષ્ણાદેવી વા/ઓ દેવકીનંદન ગુપ્તા (ઉ.વ.૫૮)(રહે.શિવમ ટેનામેન્ટ શૈલગંગા બંગ્લોઝ સામે ચાંદખેડા) તા.૧૮/૦૯/૨૦૨૨ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે સાબરમતી ડી-કેબીન આઇ.પી. સ્કુલ નજીક અમુલ પાર્લર આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર બે પુરૂષ ક્રિષ્ણાદેવીના ગુપ્તાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ક્રિષ્ણાદેવી ગુપ્તાએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી યુ.કે.પંડયા ચલાવે છે.

**નવજાત બાળક મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૮/૨૦૨૨**

**વટવાઃ** તા.૧૮/૦૯/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા વટવા પુનિતનગર સામે રેલવે ટ્રેક પાસે પતરાની આડમાંથી તાજુ જન્મેલુ જીવીત નવજાત બાળક ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા વટવા પોલીસે અજાણી વ્યક્તિ વિરુધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.વસાવા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૯/૨૦૨૨**

**રામોલઃ** વસ્ત્રાલ તક્ષશિલા સ્કુલ પાછળ ઉમિયાનગર ખાતે રહેતા અને રામોલ મહાદેવ એસ્ટેટ વિ-૫ શેડ નં.૩૫ માં “શ્યામ એન્ટરપ્રાઇઝ” નામના ભંગારના કારખાનામાં કામ કરતા શ્યામકુમાર નંદરામ લોદી (ઉ.વ.૩૦) (મુળ વતન. બિલરાઇ પોસ્ટ-ભાગ્યનગર જિ-ઓરૈયા ઉતરપ્રદેશ) તા.૧૮/૦૯/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે કારખાનામાં ઉપરના માળેથી થેલીમાં ભરેલ લોચરૂ લીફ્ટમાં મુકી નીચે ઉતારતા હતા ત્યારે લીફ્ટનો તાર તુટી જતા લીફ્ટ સાથે નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઈ મોહનભાઈ ચલાવે છે.

**મણીનગરઃ** મણીનગર જવાહરચોક વલ્લભવાડી મંદિર સામે સહારા એપાર્ટ્મેન્ટ ખાતે રહેતા અને ત્યા જ કડિયાકામ કરતા રવિભાઇ મકનાભાઇ ડામોર (ઉ.વ.૧૯) તા.૧૮/૦૯/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સાઇટ ઉપર ત્રીજા માળે કડિયાકામ કરતા હતા ત્યારે પાલખ પરથી પગ લપસી જતા ત્રીજા માળેથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૦/૨૦૨૨**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** મયુરભાઇ પંકજભાઇ વાઘેલા (ઉ.વ.૨૨)(રહે.બંધુનગર ફ્લેટસ શરદ સોસાયટી સામે રાધા સ્વામી રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા સુભાષબ્રિજ નીચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર પ્રેમજીભાઇ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** અકીલ નીજામુદીન મુંશી (ઉ.વ.૩૭)(રહે.દાનાભગતની શેરી વૈશ્યસભા જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૯/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ કરશનભાઇ ચલાવે છે.

**સરખેજઃ** જયતિક સ/ઓ રણછોડભાઇ લુહાર (ઉ.વ.૨૮)(રહે.ગોરધન પાર્ક જીવનદીપ હાઇસ્કુલ પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૨ કલાક ૧/૦૦ વાગ્યા પહેલા સરખેજ આંબલી વકિલબ્રીજ પાસે વન વર્લ્ડ વેસ્ટ બિલ્ડીંગના બારમાં માળેથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**વેજલપુરઃ** નયનાબહેન વા/ઓ દોલતસિંહ પરમાર (ઉ.વ.૫૩)(રહે.શાંતિનાથ એપાર્ટમેન્ટ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૨ સવારના ૫/૩૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**વટવા જી.આઇ.ડી.સીઃ** વટવા બચુભાઇનો કુવો ખાતે રહેતા દિનેશ રામલાલ ગામીતી (ઉ.વ.૩૮) (મુળ વતન. ગામ-કનબઇ તા-ખેરવાડા જી-ઉદયપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૨ સવારના ૪/૧૦ વાગ્યાના સુમારે જીઆઇડીસી વટવા પ્લોટ નંબર આઇ/૫૬૩૨ ફેઝ-૨ "બાલાજી ઇન્ડસ્ટ્રીઝ" ખાતે કપલર વેસલ ટાંકીનુ સ્ટરર ચાલુ કરી, ટાંકી ઉપર ચડી ટાંકીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપકભાઇ સોમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી